નવી બાબત વર્ષ ૨૦૧૯-૨૦

સમરસ છાત્રાલય ખાતે " રાઉન્ડ ધ ક્લોક" વોર્ડનની ૬૩ જગ્યાઓ આઉટસોર્સથી ભરવા અંગે રૂ.૪૨.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: સશપ/૧૩૨૦૧૯/૨૮૯૦૬૭/અ,

સચિવાલય, ગાંધીનગર.

તા. /૦૯/૨૦૧૯

30 SEP 2019

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૩૧/૦૫/૨૦૧૯ નો પત્ર ક્રમાંક: વિજાક/સમરસ છાત્રાલય/૨૦૧૯-૨૦/૯૭૯-૯૮૨.

પ્રસ્તાવના:-

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિના વિધાર્થીઓ માટે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગર એમ પાંચ યુનિવર્સિટીના દરેક સ્થળે ૧૦૦૦ વિધાર્થી અને ૧૦૦૦ વિધાર્થીનીઓ માટે એમ કુલ ૨૦૦૦ ની ક્ષમતાવાળા છાત્રાલયો તથા આણંદ ખાતે ૨૫૦ વિધાર્થી અને ૨૫૦ વિધાર્થીનીઓ મળી કુલ ૫૦૦ એમ સમગ્ર કુલ ૧૦૫૦૦ વિધાર્થીઓ માટે કુલ ૧૨ છાત્રાલયો કાર્યરત છે. આ સમરસ છાત્રાલય ખાતે " રાઉન્ડ ધ ક્લોક" વોર્ડનની ૧૨૬ જગ્યાઓ આઉટસોર્સથી ભરવા માટેની નવી બાબતની દરખાસ્ત નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧) માં દર્શાવેલ પત્રથી કરવામાં આવેલ હતી. જેની સામે રાજય સરકાર દ્વારા સમરસ છાત્રાલય ખાતે " રાઉન્ડ ધ ક્લોક" વોર્ડનની ૬૩ જગ્યાઓ આઉટસોર્સથી ભરવાની બાબતનો નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે, સમરસ છાત્રાલય ખાતે " રાઉન્ડ ધ ક્લોક" વોર્ડનની ૬૩ જગ્યાઓ આઉટસોર્સથી ભરવા માટે વિકસતી જાતિ કલ્યાણ ખાતાના ૫૫% લેખે રૂ.૪૨.૦૦ લાખની નવી બાબતને નીચે જણાવેલ શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૯-૨૦ ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૭) રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તઓઅણે અમલ કરવાનો રહેશે.

(૮) આ અંગે એક માસમાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૨, મુખ્ય સદર:૨૨૫૫ અનુ.જાતિ,અનુ.જનજાતિ અને અન્ય પછાત વર્ગનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર: (૧૫) ઓબીસી-૬ સરકારી છાત્રાલયો અને નિવાસી શાળાઓમાં નિવાસી સવલતો હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૧/૦૯/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.ધાંચી)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં.૪/૩જો માળ, ગાંધીનગર.

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અધિક અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ.૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ.૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)ના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

* સેકશન અધિકારીશ્રી ( બજેટ/ અ.૧ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
* સેકશન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ.
* સિલેકટ ફાઇલ શાખા/ના.સે.અધિ.શ્રી